# “થોડી ક્ષણો ,ઉજવવાની છે, થોડી સહવાની છે , જીવનમાં લીલી સૂકી તો આવતી રહેવાની છે.”

## વૃશ્ચિક (ન.ય.)



**જીવન કોયડા સમાન છે. ક્યારેક તમને હસાવે ; ક્યારેક ચિંતિત બનાવે તો ક્યારેક રડાવે છે. સંવત 2082 દરમ્યાન આપને આવા અનુભવોમાંથી પસાર થવું પડશે. માનસિક રીતે આપ આત્મવિશ્વાસભર્યા રહેશો પણ પરિવાર-સંતાન સંબંધિત ચિંતા મન પર ભાર લાવશે. વ્યવસાય-કારકિર્દીમાં નવા અવસર, વિદેશી જોડાણ અને પ્રગતિ થશે તથા શનિની નાની પનોતીના બંધનમાંથી આપ મુક્ત થશો પરંતુ આ વર્ષે પાંચમા સ્થાનમાં શનિના ભ્રમણને કારણે પ્રગતિ ધીમી જ રહેશે. શિક્ષણમાં મહેનતથી સફળતા મળશે. એકંદરે, વૃશ્ચિક જાતકો માટે આ વર્ષ આશા, ધીરજ  અને પુરુષાર્થથી પ્રગતિ પામવાનું વર્ષ બની રહેશે.**

**જીવનનાં વિવિધ પાસાંઓ પર અસર**

### માનસિક સ્થિતિ : ધૂપ-છાંવ જેવું રહેશે

સંવત 2082માં આપની માનસિકતા ધૂપ-છાંવ જેવી રહેશે. ગુરુના પ્રભાવથી ખાસ કરીને 1 લી જૂન 2026 થી વર્ષના અંત સુધી  આશા, વિશ્વાસ અને આધ્યાત્મિકતા વધશે, જેના કારણે મુશ્કેલ સમયમાં પણ મન મજબૂત રહેશે. **ધાર્મિક કાર્ય અને તીર્થયાત્રા દ્વારા આંતરિક શાંતિ મેળવશો.** જો કે શનિના કારણે સંતાન કે અભ્યાસને લગતી ચિંતા તથા પ્રેમજીવનમાં અસ્થિરતા અનુભવાશે. રાહુ ઘરમાં મતભેદ, માતાની તંદુરસ્તી કે પ્રોપર્ટી મુદ્દે ઉદભવતા વિવાદથી મન ક્યારેક ચિંતિત રહેશે. વર્ષ દરમ્યાન જાતકોને સકારાત્મક દૃષ્ટિકોણ, ધીરજ અને પરિવાર સાથે સંવાદ જાળવી રાખવો જરૂરી છે.

### આરોગ્ય : સંભાળ જરૂરી

ગુરુના પ્રભાવથી આરોગ્યમાં સુધારો થશે. લાંબા સમયથી ચાલતા રોગોમાં રાહત મળશે. આધ્યાત્મિકતા, યોગ-પ્રાણાયામ તરફ વળશો તો માનસિક શાંતિ અને શારીરિક તંદુરસ્તી જળવાશે. સંતાન કે શિક્ષણ સંબંધિત ચિંતા મન પર ભાર મૂકશે. તણાવ, ડિપ્રેશન કે માનસિક થાક અનુભવાઈ શકે. ડાયજેસ્ટિવ સિસ્ટમ (પાચન તકલીફ, એસિડિટી, ગેસ) અને બ્લડ પ્રેશર સંબંધિત સમસ્યાઓનો ખતરો. છાતી, ફેફસાં, શ્વાસ અને હૃદય સંબંધિત સમસ્યાઓથી સાવચેતી રાખવી. માતાના આરોગ્ય વિષે ચિંતા થઈ શકે. ઘર-પરિવારના વિવાદ કે અસ્થિરતા પણ મન પર નકારાત્મક અસર કરશે. વૃશ્ચિક જાતકો માટે સંવત 2082માં આરોગ્ય મોટા ભાગે સારું રહેશે પરંતુ **માનસિક તણાવ અને પાચન-શ્વાસ સંબંધિત સમસ્યાઓથી સાવચેતી રાખવી જરૂરી.** નિયમિત કસરત, યોગ, પ્રાણાયામ અને સાત્ત્વિક આહારથી લાભ થશે. આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં જોડાવાથી મન-શરીરનું સંતુલન જળવાશે.ખાસ કરીને માનસિક શાંતિ જાળવવી અને અનિયમિત જીવનશૈલીથી દૂર રહેવું ખૂબ મહત્ત્વનું રહેશે.

### વ્યાપાર -ધંધો : વિકાસની તકો

ગુરુ ભાગ્યબળ વધારશે અને વ્યાપાર-ધંધાના વિકાસ માટે નવા દરવાજા ખોલશે. વિદેશી કંપનીઓ સાથે જોડાણ, ઇમ્પોર્ટ-એક્સપોર્ટ ક્ષેત્રે પ્રગતિ, કન્સલ્ટન્સી, એજયુકેશન અથવા કાયદાકીય ક્ષેત્રમાં વૃદ્ધિ થશે. નવા કોન્ટ્રાક્ટ હાથમાં આવવાની શકયતા છે. **શનિ ધંધામાં ધીમો વિકાસ લાવશે, એટલે ધીરજ રાખવી પડશે.** ઇન્ફ્રાસ્ટ્રક્ચર, લાંબા ગાળાના પ્રોડકટમાં રોકાણ લાભદાયક રહેશે. રાહુ બિઝનેસમાં અસ્થિરતા લાવશે. સ્ટાફ પર બહુ ભરોસો રાખવો નહીં. સ્ટાફની ભૂલ, બેદરકારી યા વિશ્વાસઘાત સહન કરવાનો વારો આવે. એકંદરે વર્ષ સાનુકૂળતાભર્યું રહે.

### નોકરી : પ્રગતિદાયક

ગુરુના આશીર્વાદથી કારકિર્દીમાં પ્રગતિ થશે. પ્રમોશન, ટ્રાન્સફર કે નવી જવાબદારી મળી શકે. વિદેશ કે મોટા શહેરમાં કામ કરવાની તક મળશે. રાહુ-કેતુના ભ્રમણને કારણે **કારકિર્દીમાં અચાનક દિશા બદલાવ શક્ય** - જેમ કે નવી કંપનીમાં જોડાવું કે જૂના ક્ષેત્રને બદલે નવા ક્ષેત્રમાં પ્રવેશ કરવો. શનિના કારણે કાર્યસ્થળે તણાવ, વિલંબ કે સહકર્મીઓ સાથે મતભેદ થઈ શકે છે પણ મહેનતથી અંતે સફળતા મળી રહેશે.

### નાણાંકીય સ્થિતિ : બેન્ક બેલેન્સ વધે

વર્ષની શરૂઆતમાં 5મી ડિસેમ્બર 2025 થી 1 લી જૂન 2026 સુધીનો સમયગાળો આર્થિક બાબતો માટે મધ્યમ રહે- પરંતુ 1 લી જૂન 2026 પછી આપની તિજોરી ભરાતી જાય. બેન્ક બેલેન્સ વધે. ગુરુનું નવમા ભાવમાં ભ્રમણ આપને ધનવાન, ભાગ્યવાન, પ્રતિષ્ઠાવાન અને સમાજમાં અગ્રણી બનાવે. **રાહુ પ્રોપર્ટી કે ઘર-જમીન સંબંધિત રોકાણમાં વિવાદ અથવા ખોટા ખર્ચ  લાવશે,** તેથી સાવચેત રહેવું. અચાનક ખર્ચથી બજેટ ખોરવાઈ શકે છે એટલે બચત પર ધ્યાન આપવું જરૂરી.




### પ્રેમ અને પારિવારિક સંબંધો : આશાભર્યું વર્ષ

આપને માટે આ વર્ષે પરિવારિક જીવન ઉતાર-ચઢાવવાળું રહેશે. ગુરુના પ્રભાવથી ઘરમાં ધાર્મિકતા, સુખ-શાંતિ અને વડીલોનો સહકાર મળશે. પરિવારમાં નવા સભ્યનું આગમન અથવા શુભ પ્રસંગ બની શકે છે. પરંતુ રાહુના કારણે ઘર-પ્રોપર્ટી સંબંધિત મુદ્દે મતભેદ, વિવાદ અથવા કાનૂની સમસ્યાઓ ઊભી થઈ શકે છે. માતાના આરોગ્ય અંગે ખાસ ધ્યાન રાખવું પડશે. જીવનસાથી સાથેના સંબંધમાં મોટા ભાગે સુખ રહેશે પરંતુ શનિના કારણે સંતાન સંબંધિત ચિંતા ક્યારેક દાંપત્યજીવનમાં તણાવ લાવશે. અપરિણીતોને  નવા સંબંધો બનવાની તક મળશે. **એકંદરે પરિવાર અને સંબંધો માટે વર્ષ આશાભર્યું પરંતુ ચિંતાથી ઘેરાયેલું રહેશે.** પ્રેમ સંબંધોમાં શનિના કારણે કસોટી આવશે. ગેરસમજ, વિલંબ અથવા અંતર ઊભું થઈ શકે છે પરંતુ  લોકો ધીરજ રાખશે તેઓ માટે સંબંધ સ્થિરતા પામશે. ખાસ કરીને 1 લી જૂન 2025 થી  નવા સંબંધો માટે સમય અનુકૂળ છે, લગ્ન માટે અવસર બનવાની શક્યતા છે.

### શિક્ષણ : સફળતા સાંપડે

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મધ્યમથી શુભ રહેશે. ખાસ કરીને- વર્ષની શરૂઆતથી 4 થી ડિસેમ્બર સુધી અને ત્યારબાદ 1 લી જૂનથી વર્ષના અંત સુધીના કાળખંડમાં ગુરુની સફળતાને કારણે ઉચ્ચ અભ્યાસ, રિસર્ચ, મેનેજમેન્ટ અથવા કાયદા ક્ષેત્રે પ્રગતિ થશે. વિદેશમાં અભ્યાસ કરવા જવાની તક મળશે. સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા મળશે, શનિના કારણે અભ્યાસમાં એકાગ્રતા ઘટી શકે અથવા વિલંબ થઈ શકે પરંતુ સતત ખંતપૂર્વક મહેનત કરવાથી સ્વપ્નો સિધ્ધ થશે.

### કોર્ટ કેસ : વિલંબ પછી વિજય

શનિના કારણે કોર્ટ કેસ ધીમે-ધીમે આગળ વધશે. **શરૂઆતમાં વિલંબ થશે પરંતુ વર્ષના અંતે વિજય શક્ય છે.** ગુરુના આશીર્વાદ હોવાથી કાનૂની મુદ્દાઓમાં અંતે સકારાત્મક પરિણામ મળશે.

### સરકારી કામકાજ : રૂકાવટ પછી સફળતા

સરકારી કામકાજોમાં શરૂઆતમાં અવરોધ જણાશે પણ વર્ષના મધ્ય ભાગથી પ્રગતિ થાય અને વર્ષના અંત સુધીમાં સાનુકૂળ-સકારાત્મક પરિણામો મળી રહે. બિઝનેસ સંબંધિત લાયસન્સ અને  વિદેશ સંબંધિત પ્રક્રિયા માટે સાનુકૂળ છે.

### પ્રવાસ : અનુકૂળતા રહે

પ્રવાસ માટે આ વર્ષ શુભ રહેશે. ગુરુ તીર્થયાત્રા, ધાર્મિક કાર્ય અને વિદેશ પ્રવાસ માટે શુભ સંકેત આપે છે. નોકરી-વ્યવસાય કે અભ્યાસ સાથે સંબંધિત લાંબા પ્રવાસ શક્ય છે. સંતાન કે શિક્ષણ સંબંધિત પ્રવાસ પણ શકય બનશે. રાહુના કારણે અચાનક ઘર-પ્રોપર્ટી સંબંધિત પ્રવાસ થઈ શકે છે.

### સ્ટોક માર્કેટ : લાંબા ગાળાનું રોકાણ લાભદાયી

આપને માટે આ વર્ષે લાંબા ગાળાનું રોકાણ લાભદાયી બની રહેશે. ખાસ કરીને, 1 લી જૂન: 2026 થી નવમા ભાવમાં ગોચર કરતો ગુરુ ભાગ્ય મજબૂત બનાવશે. ફાર્મા ટેકનોલોજી, ગોલ્ડ/જવેલરી સંબંધિત સ્ટોક્સ/રોકાણ ફાયદાકારક રહે. ટૂંકા ગાળાના સટ્ટા ટાળવા.

**(શીર્ષક પંક્તિઃ ડો. મુકુલ ચોક્સી)**

## મુખ્ય ગ્રહોની સ્થિતિ અને તેની અસરો

**શનિની અસરઃ** શનિનો પ્રભાવ સંતાન, શિક્ષણ અને સર્જનાત્મક ક્ષેત્રે કસોટી લાવશે. સંતાનની તંદુરસ્તી કે અભ્યાસ વિષે ચિંતા વધશે. પ્રેમ સંબંધોમાં અવરોધ, વિલંબ અથવા મતભેદ થઈ શકે છે. વિદ્યાર્થીઓને મહેનત વગર સફળતા નહીં મળે, પરંતુ નિયમિત પ્રયત્નથી અંતે સારાં પરિણામ મળશે, સટ્ટા અને વાયદાના વ્યાપારમાં નુકસાન થઈ શકે. જો કે શનિ ધીમી પણ ચોક્કસ પ્રગતિ આપી જશે.

**ગુરુની અસરઃ** તારીખ 5 મી ડિસેમ્બર 2025 થી 1 લી જૂન સુધી આપની રાશિ થી આઠમા ભાવમાં રહેતો ગુરુ આરોગ્યવિષયક પ્રશ્નો ઊભા કરી . થી આરોગ્ય બાબતે સતર્ક રહેવું . જો કે 1 લી જૂન : 2026 થી આપની રાશિથી નવમા ભાવમાં આવતો ગુરુ આપને  વિદ્વાન, ભાગ્યવાન અને ધનવાન બનાવે.ગુરુ ઉચ્ચ અભ્યાસ, વિદેશ યાત્રા અને નોકરી-વ્યવસાયમાં નવા અવસર લાવશે. તમારામાં આત્મવિશ્વાસ, સકારાત્મકતા અને આધ્યાત્મિકતા વધશે. વડીલોના આશીર્વાદ અને ધાર્મિક પ્રવૃત્તિઓથી માનસિક શાંતિ મળશે.

**રાહુની અસર :** રાહુ ઘર, પરિવાર અને પ્રોપર્ટી સંબંધિત અસ્થિરતા લાવશે. ઘરેલુ વાતાવરણમાં મતભેદ, માતાના આરોગ્ય વિષે ચિંતા અથવા જમીન-મકાન સંબંધિત વિવાદ થઈ શકે. અચાનક સ્થળ બદલાવ કે ખર્ચની શકયતા.